વિદેશવેપાર

## વેપાર દ્વારા શું થાય છે ?

A. સાધનોની ગતિશીલતા ઘટે છે.

B. ઉદ્યોગોની સંખ્યા ઘટે છે.

C. ઉત્પાદન-પ્રક્રિયા ધીમી પડે છે.

D. ઉત્પાદનમાં વિવિધતા આવે છે.

- D.ઉત્પાદનમાં વિવિધતા આવે છે.

## વિદેશવેપારમાં કયું સાધન સૌથી ઓછું ગતિશીલ છે ?

A. મૂડી

B. શ્રમ

C. નિયોજનશક્તિ

D. જમીન

- B.શ્રમ

**2005 પછી ભારતના વિદેશવેપારમાં શું નોંધપત્ર ફેરફાર થયો છે ?**

A. વેપારનું કદ વધ્યું છે અને ભારતનો વેપારક્રમ આગળ થયો છે.

B. વેપારનું કદ વધ્યું છે, પરંતુ ભારતનો વિશ્વવેપરમાં ક્રમ પાછળગયો છે.

C. ભારતના લેણદેણ્ની તુલામાં હંમેશા પુરાંત નોંધાઈ છે.

D. વેપારમાં પરંપરાગત નિકાસોનો ફાળો વધ્યો છે.

A.

વેપારનું કદ વધ્યું છે અને ભારતનો વેપારક્રમ આગળ થયો છે.

**ભારતના વેપારના પરંપરાગત ભાગીદાર દેશોમાં કયા દેશોનો સમાવેશ કરી શકાય ?**

A. ઈંગ્લૅન્ડ અને રશિયા
B. જાપાન અને ચીન
C. મધ્ય એશિયાના દેશો
D. ઑસ્ટ્રેલિયા

---

A.

ઈંગ્લૅન્ડ અને રશિયા

**વેપારતુલા એટલે શું ?**

A. ચાલુ ખાતાની તુલા
B. મૂડી ખાતાની તુલા
C. વસ્તુ-વેપારની તુલા
D. સેવા-વેપારની તુલા

---

C.

વસ્તુ-વેપારની તુલા

---

•

લેણદેણની તુલામાં લેટલા ખાતા હોય છે.

A. 1

B. 2

C. 3

D. 4

---

B.

2

**વિદેશવેપર એટલે શું ?**

---

દેશની હદની બહાર થતી વેપાર-પ્રવૃત્તિને વિદેશવેપાર કહેવાય છે.

**વિદેશ વેપારનું કદ એટલે શું ?**

---

વિદેશવેપારનું કદ એટલે દેશની આયાત-નિકસ થતી ભૌતિક વસ્તુઓનું કુલ મૂલ્ય અને કુલ જથ્થો.

**વિદેશવેપારનું સ્વરૂપ એટલે શું ?**

---

વિદેશવેપારનું સ્વરૂપ એટલે વેપાર-પ્રવૃત્તિની એવી વિશિષ્ટ બાબતો અને પાસાઓ જે તેને આંતરિક વ્યાપારની પ્રવૃત્તિઓથી જુદી પાડે અને તેને અલગ ઓળખ આપે.

**વિદેશવેપારની દિશા એટલે શું ?**

---

વિદેશવેપરની દિશા એટલે કોઈ દેશનો વિશ્વના વિવિધ દેશો સાથેનો વેપાર માટેનો સંબંધ.

•

**હૂંડિયામણનો દર એટલે શું ?**

એક દેશના ચલણની બીજા દેશના ચલણમાં વ્યક્ત થતી કિંમત એટલે હૂંડિયામણનો દર.

•

વેપારતુલાનો અર્થ આપો.

વેપારતુલા એટલે એક વર્ષ દરમિયાન દેશની ભૌતિક એટલે વેપારતુલા.

દેશમાં ભૌતિક વસ્તુઓની આયાત ચુકવણીઓ ભૌતિક વસ્તુઓની નિકાસ કમાણી કરતાં વધુ હોય, તો વેપારતુલામાં ખાદ્ય આવે છે. તેને પ્રતિકૂળ વેપારતુલા કહે છે.

વેપારતુલા એ લેણદેણની તુલાનું ચાલુ ખાતું છે.

**“આંતરરાષ્ટ્રીય વેપારનું કદ’ પારિભાષિક શબ્દ સમજાવો.**

આંતરરાષ્ટ્રીય વેપારનું કદ એટલે આયાત અને નિકાસ થતી ભૌતિક વસ્તુઓનું કુલ મૂલ્ય અથવા કુલ જથ્થો.

પ્રતિવર્ષ જો આયાત માટે થતી ચુકવણી અને નિકાસમાંથી થતી કમાણી વધતી જાય તો આંતરરાષ્ટ્રીય વેપારનું કદ વધ્યું એમ કહેવાય.

જો દેશની રાસઃટ્રીય આવકમાં વેપારના મૂલ્યનો ટકાવારી હિસ્સો વધે અને વિશ્વવેપારમાં દેશના વેપારનો હિસ્સો વધે, તો તે દેશના આંતરરાષ્ટ્રીય વેપારનું કદ વધ્યું એમ કહેવાય.

**લેણદેણની તુલાનો અર્થ આપો.**

---

લેણદેણની તુલા એટલે કોઈ એક દેશના અન્ય દેશો સાથેના વેપારનું મૂલ્ય. જેમાં વસ્તુઓ તથા સેવાઓનું મૂલ્ય, સાધનોની હેરફેરનું ખર્ચ અને મૂડીવેપારના મૂલ્યની નોંધણી થાય છે.

આમ, કોઈ વર્ષ દરમિયાન દેશની ભૌતિક અને અભૌતિક આયાત-નિકાસનું મૂલ્ય દર્શાવતું હિસાબી સરવૈયું એટલે લેણદેણની તુલા.

લેણદેણની તુલાને બે બાજુઓ છે (1) જમા બાજુ જેમાં વિદેશી આવકો નોંધાય છે અને (2) ઉધાર બાજુ જેમાં વિદેશી ચૂકવણીઓ નોંધાય છે.

## વેપારતુલા અને લેણદેણ તુલા વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

---

| ક્રમ | વેપારતુલા | લેણદેણની તુલા |
|---|---|---|
| 1 | વેપારતુલામાં માત્ર ભૌતિક કે દ્રશ્ય સ્વરૂપની વસ્તુઓની આયાત-નિકાસનું મુલ્ય દર્શાવવામાં આવે છે. | લેણદેણની તુલામાં ભૌતિક કે દ્રશ્ય સ્વરૂપની વર્તુઓ ઉપરાંત વીમો, બેન્કિંગ, વાહવ્યવહારની તથા બૌધિક સંપદાની સેવાઓ વગેરે જેવી અભૌતિક કે અદ્રશ્ય સ્વરૂપની કામગીરી તેમજ નાણાકીય મૂડીની હેરફેરનો પણ સમાવેશ થાય છે. |
| 2 | વેપારતુલામાં અન્ય દેશો સાથેના મૂડી વ્યવહારોનું મૂલ્ય નોંધાતું નથી. | લેણદેણની તુલામાં મૂદીપ્રવાહ, બોન્ડ, શેર, સોનાની ખરીદી, મૂડી પ્રકારનું ધિરાણ વગેરે નોંધવામાં આવે છે. |
| 3 | વેપારતુલા પરથી વિદેશો સાથેના દેશના આર્થિક વ્યવહારનો સંપોર્ણ ખ્યાલ મળી શકતો નથી. | લેણદેણની તુલા પરથી વિદેશો સાથેના દેશના આર્થિક વ્યવહારનો સંપૂર્ણ અને સર્વાંગી ખ્યાલ મળી શકે છે. |
| 4 | વેપારતુલા એ લેણદેણની તુલાનો એક ભાગ છે. | લેણદેણની તુલા ચાલુ ખાતું અને મૂડી ખાતું એવાં બે ખાતાં ધરાવે છે, જે એક દેશના અન્ય દેશો સાથેના સઘળા આર્થિક વ્યવહારોનું સરવૈયું છે. |
| 5 | વેપારતુલામાં કુલ આવક અને જાવ વચ્ચે રહેતો તફાવત યથાવત દર્શાવવામાં આવે છે. | લેણદેણની તુલાની નોંધ દ્વિનોંધી ચોપડામાં કરવામાં આવે છે તેમ – અંતે આવક કે જાવક બાજુએ જરૂરી રકમ ઉમેરી તુલા સમતોલ દર્શાવાય છે. |
| 6 | વેપારતુલા દેશના વિદેશ વેપારની સ્થિતિનો આધારભૂત ચિતાર સંપૂર્ણપણે આપતી નથી. | લેણદેણની તુલા દેશના વિદેશવેપારનું સાચું ચિત્ર મેળવવામાં સહાયક છે. |

---

**વિદેશવેપારની પ્રવર્તમાન સ્થિતિ દર્શાવો.**

---

એન્ગ્નસ મૅડિસન નામના ઈતિહાસકારનો અભ્યાસ દર્શાવતા વર્લ્ડ ટ્રેડ રિપૉર્ટ, 2013માં નીચેની માહિતી મળે છે :

1800 પછી વિશ્વની વસ્તી 6 ગણી વધી છે, વિશ્વનું ઉત્પાદન 60 ગણુ વધ્યું છે, જ્યારે વિશ્વવેપાર 140 ગણો વદ્ગ્યો છે.

છેલ્લાં 30 વર્ષોમાં વ્યવસાયિક સેવાઓના વેપારમાં દર વર્ષે સરેરાશ 7%નો વધારો નોંધાયો છે.

વિશ્વમાં વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થવાથી તેમજ વિવિધ દેશો વચ્ચે રાજકીય સંબંધોનો વિકાસ થતાં વેપારને વેગ મળ્યો છે અને વિદેશવેપાર વધવા પામ્યો છે.

1980 અને 2011 વચ્ચે વિકાસશીલ દેશોનો નિકાસમાં ફાળો 34% થી વધુ 47% અને આયાતોમાં તેમનો ફાળો 29%થી વધીને 42% થયો. જે વિદેશવેપારની વૃદ્ધિ દર્શાવે છે.

વિકાસશીલ દેશોમાં એશિયાના દેશોનો આજે વિશ્વવેપારમાં ફાળો નોંધપાત્ર રહ્યો છે.

છેલ્લા કેટલાક દાયકાઓ દરમિયાન વિશ્વ ઉત્પાદનના વૃદ્ધિદર કરતાં વિશ્વવેપારનો વૃદ્ધિદર બમણો થયો છે, જે વિશ્વમાં વિદેશવેપારમાં ફાળો નોંધપત્ર રહ્યો છે.

છેલ્લાં કેટલાક દાયકાઓ દરમિયાન વિશ્વ ઉત્પાદનના વૃદ્ધિદર કરતાં વિશ્વવેપારનો વૃદ્ધિદર બમણો થયો છે, જે વિશ્વમાં વિદેશવેપારનો વિકાસ થયો છે, તેમ દર્શાવે છે.

**હુંડિયામણદર પર નોંધ લખો.**

---

જે દરે એક દેશના ચલણને બીજા દેશના ચલણમાં રૂપાંતર કરી શકાય તે દર એટલે હુંડિયામણનો દર. જેમ કે, US $ 1 = રૂા. 65ના કરી શકાય તે દર એટલે હુંડિયામણનો દર – એનો અર્થ થાય કે US $ 1 ખરીદવા માટે ભારતીય નાગરિકે રૂા 65 ચૂકવવા પડે છે. આમ, હુંડિયામણનો દર એક દેશના ચલણમાંથી દેશના ચલણમાં વ્યક્ત થતી કિંમત છે.

હુંડિયામણનો દર બદલાતાં ચીજવસ્તુઓની કિંમતમાં પણ ફેરફાર થાય છે. ક્યારેકે ખુલ્લા બજારમાં હુંડિયામણના દરોમાં ફેરફાર થાય છે, તો ક્યારેક કોઈ દેશની સરકાર આયાતો અને નિકાસોને અસર પહોંચાડવા હુંડિયામણના

દરોમાં ફેરફાર કરવામાં આવે છે.

હુંડિયામણના દરને સરકાર માત્ર બજારનાં પરિબળો દ્વારા નક્કી થવા દેતી નથી, જોકે તેના નિર્ધારણમાં હૂંડિયામણની માંગ અને તેનો પુરવઠો મહત્વનાં પરિબળો છે.

જ્યારે ભારત માટે હુંડિયામણનો દર ઊંચો થાય ત્યારે ભારતના ચલણનું આંતરરાષ્ટ્રીય બજારમાં મૂલ્યનો ઘટાડો થાય છે. અર્થાત વિદેશી ચલણનું મૂલ્ય ઓછું થાય છે અને ભારતનું ચલણ સસ્તું થાય છે.

ભારતમાં હુંડિયામણનો દર વધે તો રૂપિયાનું મૂલ્ય ઘટે છે, આયાતોની માંગ ઘટે છે અને નિકાસો વધવા પામે છે.

ભારતમાં હુંડિયામણનો દર ઘટે તો રૂપિયાનું મૂલ્ય વધે છે, આયાતોની માંગ વધે છે અને નિકાસો ઘટવા પામે છે.

**વિદેશવેપારના કારણો ટુંકમાં સમજાવો.**

---

વિદેશવેપાર માટેનાં મુખ્ય કારણો નીચે પ્રમાણે છે.

**દેશમાં પ્રાપ્ય ઉત્પાદનનાં સાધનોમાં તફાવત** : જુદા જુદા દેશોમાં ઉત્પાદનનાં સાધનો જુદા જુદા પ્રમાણમાં પ્રાપ્ય છે. વળી બધી જાતના ઉત્પાદન માટે જરૂરી બધાં પ્રકારનાં સંસાધનો અને શ્રમનું કૌશલ્ય પણ દરેક દેશ પાસે હોતાં નથી. તેથી દુનિયાના દેશો પોતાની પાસેનાં સંસાધનો, સાધનો, ટેકનોલૉજીનો વેપાર કરી પોતાની જરૂરિયાતો પૂરી કરે છે.

**ઉત્પાદનખર્ચ** : ઉત્પાદનનાં સાધનો અને સંસાધનોના અભાવે જુદા જુદા દેશોના ઉત્પાદનખર્ચ પણ જુદા જુદા હોય છે. ઉત્પાદનખર્ચ ઊંચો હોય ત્યારે તેવી વસ્તુઓ/સેવાઓ અન્ય દેશો પાસેથી આયાત કરવી સરળ અને સસ્તી બને છે.

**ટેકનોલૉજીકલ પ્રગતિ** : જુદા જુદા દેશો જુદી જુદી ટેકનોલૉજીમાં આવડત ધરાવે છે. તેથી દરેક દેશ ઉત્પાદનમાં એકસરખી કાર્યક્ષમતા ધરાવતો નથી. પરિણામ આવા દેશો વચ્ચે વસ્તુઓ અને સેવાઓનો વેપાર થાય છે.

**શ્રમવિભાજન અને વિશિષ્ટિકરણ** : દરેક દેશમાં શ્રમની ઉત્પાદકતા, કૌશલ્ય અને નિયોજનશક્તિ અલગ હોય છે. તેથી દેશો વચ્ચે શ્રમવિભાજન અને વિશિષ્ટિકરણ જોવા મળે છે. અર્થાત અમુક શ્રમ અમુક પ્રકારની વસ્તુઓ/સેવાઓના ઉત્પાદનમાં વધુ આવડત ધરાવતો હોય તો તે દેશ તેવી વસ્તુઓનું ઉત્પાદન કરી તેમાં ઉત્પાદન-વૈવિધ્ય એટલે કે વિશિષ્ટિકરણ કરી તેવી વસ્તુઓની બીજા દેશમાં તેની નિકાસ કરે છે અને જરૂરી વસ્તુઓની આયાત કરે છે.

**લેણદેણની તુલાનાં ચાલુ ખાતાં અને મૂડી ખાતાંનો તફાવત સ્પષ્ટ કરો.**

| ક્રમ | લેણદેણ તુલાનાં ચાલુ ખાતાં | | લેણદેણ તુલાનાં મૂડી ખતાં | |
|---|---|---|---|---|
| | આવક (જમા) | ચુકવણી (જાવક) (ઉધાર) | આવક (જમા) | ચુકવણી (જાવક) (ઉધર) |
| | **ચીજવસ્તુઓ અને સેવાઓની નિકાસ** | **ચીજવસ્તુઓ અને સેવૈની આયાત** | **દેશમાં વિદેશનું લાંબા ગાળાનું રોકાણ** | **વિદેશોમાં દેશનું લાંબા ગાળાનું રોકાણ** |
| 1 | ચીજવસ્તુઓ | ચીજવસ્તુઓ | ઈક્વિટી | ઈક્વિટી |
| 2 | સેવાઓ : બૅન્કો, વીમાકંપનીઓ, પ્રવાસીઓ, વહાણવટું વગેરે. | સેવાઓ : બૅન્કો, વીમાકંપનીઓ, પ્રવાસીઓ, વહાણવટું વગેરે | વિદેશોનું દેશની જામીનગીરીઓમાં રોકાણ | વિદેશોમાં દેશના લોકોનું જામીનગીરીઓમાં રોકાણ |
| 3 | વિદેશમાં કરેલા મૂડીરોકાણમાંથી થતી આવક | દેશમાં કરવામાં આવેલા વિદેશી મૂડીરોકાણના વ્યાજ વગેરેની ચુકવણી | વિદેશોમાંથી આવતું ટૂંકા ગાળાનું નાણાકિય ભંડોળ | વિદેશોમાં જતું ટૂંકા ગાળાનું નાણાકીય ભંડોળ |
| 4 | | | સોનાનું વિદેશોમાં વેચાણ | સોનાની વિદેશોમાં ખરીદી |
| 5 | | | એકપક્ષીય આવક (દેશને મળતી ભેટો, ગ્રાન્ટ વગેરે.) | એકપક્ષીય ચુકવણી (વિદેશોને આપવામાં આવતી ભેટો, ગ્રાન્ટ વગેરે.) |

---

- 

ભારતનાં વિદેશવેપારના સ્વરૂપમાં થયેલા ફેરફારો સવિસ્તર જણાવો.

---

ભારતના વિદેશવેપારનું સ્વરૂપ એટલે ભારતમાં આયાત અને ભારતમાંથી નિકાસ થતી વસ્તુઓનું સ્વરૂપ.

1951માં ભારત ઓચા વિકસિત દેશ તરીકે ઓળખાતો હતો. 1980માં ભારત વિકાશીલ દેશ બન્યો. 2000 પછી ભારતે વિશ્વમાં ઝડપથી વિકસતા દેશ તરીકેની ઓળખ મેળવી.

1950 અને 1960ના દાયકાઓમાં નબળી ખેતીને કારણે ભારતમાં અનાજની આયાતો વરંવાર થતી, યંત્રો, મૂડી, ટેકનોલૉજી, નિષ્ણતોની સલાહ, સ્પેરસ્પાર્ટ્સ વગેરેની વિકાસલક્ષી આયાતો મોટા પ્રમાણમાં થતી હતી. જ્યારે ચા, કૉફી, શણ, કાચી ધાતુઓ અને ખનીજ જેવી પ્રાથમિક ચીજવસ્તુઓની નિકાસોનું પ્રમાણ વધુ હતુ અને ઔદ્યોગિક વસ્તુઓની નિકાસો નીચી હતી.

1970 અને 1980ના દયકાઓમાં વિકાસની ગતિ વધતાં ભારતમાં અનાજની આયાતો ઘટવા પામી છે અને પ્રાથમિક ચીજવસ્તુઓની નિકાસનું પ્રમાણ ઘટ્યું છે તેમજ ઔદ્યોગિક વસ્તુઓના નિકાસનો હિસ્સો વધ્યો છે. દેશના વિકાસને ટકાવી રાખવા માટે નિકાસલક્ષી ઉદ્યોગો માટે અને ઉદ્યોગોના વૈવિદ્યકરણ તથા વિસ્તૃતીકરણ માટે કાચો માલ, પેટ્રોલ, નવીન ટેકનોલૉજી સ્પેરસ્પાર્ટસ વગેરેની અયાતો વધારવાનું વલણ રહ્યું છે.

1991 પછી ભારતમાં આયાતો અને નિકાસોનું સ્વરૂપ નોંધપાત્ર રીતે બદલાયું, અનાજ અને ખેતીલક્ષી આયાતો ખૂબ ઓછી થઈ અને મૂડી આયાતોના પ્રમાણમાં ઘટાડો થયો છે. જ્યારે ચા,કૉફી, શણ વગેરે જેવી પરંપરાગત નિકાસો ઘટી અને ઔદ્યોગીક તેમજ બિનપરંપરાગત નિકસોનું પ્રમાણ વધ્યું.

1961 પછી 2014 – 15માં ખાદ્યવસ્તુઓ અને અનાજની આયાતોમાં હિસ્સો ઘટીની 3.9% થયો. આમ, ભારતે અનાજ અને અન્ય ખાદ્યવસ્તુઓમા સ્વનિર્ભરતા પ્રાપ્ત કરી.

વિકાસની ગતિ વધતાં ભારતમાં મૂડી અને મૂડીપ્રચુર વસ્તુઓની આયાતો સારા પ્રમાણમાં ઘટવા પામી. 1960 – 61 પછી 2014 – 15માં કુલ વસ્તુ આયાતોમાં મૂડી જન્ય આયાતોનો હિસ્સો ઘટીને 9.8% થયો. વિકાસમાં વૈવિદ્યકરણ આવતાં નવીન વસ્તુઓની આયાતોનું પ્રમાણ વધીને 2014 – 15માં 46.6% થયું.

વિકાસ વધવાની સાથે નિકાસોનું સ્વરૂપ પણ બદલાયું છે. 1960 – 61 પછી પ્રાથમિક ક્ષેત્રનો વસ્તુ-નિકાસોમાં ફાળો 2014 – 15માં ઘટીને 12.3% જેટલો રહ્યો. જેમાં ચા, કૉફીની નિકાસોનો હિસ્સો ઘટીને 0.2% અને શણની નિકાસનો હિસ્સો 21% થી ઘટીને 0.2% થયો. ચામડાની નિકાસ ઘટીને 1.3% અને કાપડની નિકાસ ઘટીને 2% થઈ. જ્યારે તૈયાર કપડાંની નિકાસ વધીને 5.4% થઈ. આમ, બધી ઉત્પાદિત વસ્તુઓનો ફાળો કુલ વસ્તુ-નિકાસમાં 2014 – 15માં વધીને 66.7% જેટલો થયો. પેટ્રોલને લગતી નિકાસોમાં 1960 – 61માં કુલ વસ્તિ-નિકાસમાં ફાળો 1.1% હતો, જે 2014 – 15માં વધીને 18.5% થયો.

ટુંકમાં, ભારતના વિદેશવેપારના સ્વરૂપમાં નોંધપાત્ર બદલાવ જોવા મળે છે.